

# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧




'પદ'ની આશામાં કાર્યકરો શોષાઇ ગયા!
'મેટ્રો આવશે' આશામાં ઝાડો કપાઇ ગયાં!
છપાઇ ગયાં સપનાં ચૂંટણી ઢંઢેરામાં -
સ્વપ્નાં જોઇ જોઇ મતદારો ધૂતાઇ ગયાં!




ગુજરાતનાં
વહીવટી આકાશે -
છાયું ધૂમ્મસ!
('સાહેબ' દિલ્હીમાં..)

વટની સાથે
બળી ગઇ સીંદડી -
શિંદે-પોલીસ!
(મોડે મોડે પોલીસ રજા પર)

## ચિંતન

*કઃ કાલઃ કાનિ મિત્રાણી કો દેશઃ કો વ્યયાઆગમો ।*
*કશ્ચા અહં કાય મે શક્તિ રિતિ ચિંન્ત્યં મુહુર્મુહુઃ ॥*

સમય અને સંજોગ કેવો છે - પોતાને કાર્ય હેતુને અનુકૂળ છે કે નહીં? મિત્રો-સાથી-કે ભાગીદાર કેવા છે? સ્થળ-આસપાસનું વાતાવરણ કેવું છે? આવક-જાવક-આર્થિક પરિસ્થિતિથી પહોંચી વળી શકાય એમ છે કે નહીં-પોતાની આર્થિક શક્તિની મર્યાદા કેટલી છે? હું કોણ છું, મારી પોતાની લાયકાત-શું છે? મારૂં સમાજમાં કેવું કેટલું ઉપજે છે એટલે કે સામાજિક સામર્થ્ય શું છે? આ બધી જ બાબતોનું મનમાં મનન-ચિંતન કર્યા પછી જ સમજદાર વ્યક્તિએ આર્થિક-સામાજિક-બૌધિક નિર્ણયો લેવા જોઇએ.

બીજાના મહેલ જોઇ આપણું ઝૂપડું બાળવું નહીં. સ્પર્ધા-દેખાદેખી કે વ્યવહારૂ કલ્પનાઓ કરી માણસે સાહસિક-નિર્ણયો લેવા નહીં. સમય અને સંજોગનો વિચાર કરવો-નિર્ણયથી પરિવાર કે સમાજિક ટેકો મળશે કે નહીં? તેના વિચાર કરવો.

આથી મિત્રો-ભાગીદારો વિશ્વાસુ છે? જયાં વેપાર કરવો હોય ત્યાંનું વાતાવરણ-ધંધો ચાલે તેમ છે? હિમાલયમાં બરફની ફેકટરી ન ખોલાય!

પોતાની આર્થિક સ્થિતિનો પણ વિચાર કરવો - લોન ઉધાર-હપ્તા ભરી શકાય એટલી આવક છે? પોતાની જાતનો પોતાના પદ-પરિસ્થિતિનો વિચાર કરવો-એક રસોઇયો BMW લઇ રસોઇ કરવા જાય એ હાંસીપાત્ર જ થાય! મજૂર કંઇ હેલીકોપ્ટરમાં મજૂરી કરવા ન જાય. પોતાના સામાજિક પદ સામર્થ્યનો વિચાર કરીને જ - કોઇ પણ સાહસનો નિર્ણય કરવો જોઇએ.

## સુવિચાર

- માણસની પાસે આત્મા જેવો બાદશાહ હોવા છતાં એ બિચારો મનનો ગુલામ બનીને ભટકે છે એને ખબર નથી કે એની ભીંતરમાં જ આવો આત્મા રહેલો છે જ- ***સંત કબીર***
- જેને પ્રાપ્ત કરવા માટે પર્યાપ્ત પરિશ્રમ કર્યા હોય એની પ્રાપ્તિ પછી જે આનંદ થાય એનું નામ છે પ્રસાદ - ***વજુ કોટક***
- આપણું મન એ જાણે મોટું કારખાનું છે, જેમાં દર ક્ષણે અસંખ્ય વિચારો અને ઇચ્છાઓ જન્મે છે - ***રણછોડદાસજી મહારાજ***
- ધનિક ધનથી હંમેશા સુખી નથી હોતા, એ એના અતિરેકથી પીડાતો પણ હોઇ શકે - ***માનસશાસ્ત્ર***
- જે રમૂજ જાતને ભોગે થાય, એના જેવી ઉત્તમ કોઇ રમજૂ નથી - ***પંચતંત્ર***
- ધ્યેય અને લાલસામાં ફરક છે. લાલસા એટલે ભોગવવાની ઈચ્છા, ધ્યેય એટલે કંઈક સિધ્ધ કરવાની ઈચ્છા - ***ઝેન કાવ્ય***

***(સંકલન : દીપક વી.આસરા)***

## બોધ કથા

આપણા નિશ્ચયો-નિયમ-નિર્ણય કાયમના નથી હોતા મરજી મુજબ એમાં છૂટછાટ લઇએ છીએ. નિર્ણય મક્કમ હોય તો જ સફળ થવાય-નિયમને ટેવ બનાવી નાખવી જોઇએ, વ્યસન છોડવા, ચાલવા જવાનું, ખાવા-પીવાની બાબતો-સૂવા-ઉઠવા માટે આપણે જન્મદિને, લગ્નતિથિ કે નવા વર્ષે-નિયમ તો લઇએ છીએ પણ એમાં વારંવાર વિકલ્પ મૂકી છૂટછાટ લઇએ છીએ. જીવનમાં સદાય સાતત્ય, એક જાતનો કાયમી ઉત્સાહ અને પરિણામ મળશે જ એની અપેક્ષા સાથેનું ધૈર્ય જરૂરી છે.

સચિન તેંડુલકરને નિવૃત્તિ વખતે કોઇ પત્રકારે પૂછ્યું, તમારી સફળતાનું રહસ્ય શું?

સચિને કહ્યું 'હું ત્રણ બાબતને ખૂબ જ અગત્યની ગણું છું એક લગન, બીજી સાતત્ય અને ત્રીજી ધીરજ.'

કોઇ એક રમત-બાબતે લગની રાખવી-પછી તે કોઇ એક ભગવાન તરફની શ્રદ્ધા હોય કે કોઇ રમત-રોજ રોજ નવા પંથ-સંપ્રદાય કે રમતો બદલાવાય નહીં, એક 'લગન'થી કોઇ એક તરફ નિષ્ઠા રાખી 'સાતત્ય' સાચવવું જોઇએ. હું નાનપણથી માત્ર એક જ રમત ક્રિકેટને વફાદાર રહ્યો તેના વિશે જ વાંચતો-વિચારતો હતો.

ત્રીજી બાબત 'ધીરજ' કયારેક 'સફળતા' મળે કયારેક 'નિષ્ફળતા' કયારેક 'પ્રશંસા' થાય કયારેક ટીકા-પણ ધીરજથી સહન કરી ધ્યેય-લક્ષ્યને વળગી રહેવું જોઇએ.

લગન-સાતત્ય-ધીરજનો સુમેળ એટલે સફળતા.

Email - sureshchandrabhatt18@gmail.com

# સમજણ વગરની સ્માર્ટનેસ રિફીલ વગરની બોલપેન જેવી અને કોમ્પ્રેશર વગરના એરકન્ડીશનર જેવી હોય છે!

## શિક્ષણ : બંધન માટે કે મુકિત માટે ?

- હર્ષદ પ્ર. શાહ

લગભગ પ્રત્યેક શાળામાં મોટા અક્ષરે લખેલું દેખાશે : સા વિદ્યા યા વિમુક્તયે ।
વિદ્યા એવી જે મુક્તિ અપાવે.

આ સૂક્તિનું યથાર્ત અર્થઘટન કેટલા આચાર્યો અને શિક્ષકો કરી શકતા હશે? કયારેય કોઇ આચાર્યએ શિક્ષકો અને વાલીઓ વચ્ચે આ વિષય પર ચર્ચા ગોઠવી હશે?... અને ગોઠવી હોય તો એના અમલીકરણની હિંમત કરી હશે?

આમેય વર્તમાન જનજીવનમાં કથની અને કરણી વચ્ચે સામ્ય ન દેખાય તો લોકોને બહુ ખોટું નથી લાગતું! એમણે એને વર્તમાન જીવનશૈલીનું અવિભાજ્ય અંગ ગણી લીધું હોય એવી શક્યતા છે.

એક અધ્યાત્મિક પુસ્તકમાં વાંચ્યું હતું : મન, વચન અને કર્મનો ત્રિવેણીસંગમ એટલે ચારિત્ર્ય. પુસ્તકમાં શોભે એવું સુંદર વાક્ય! એને વ્યવહારમાં કે આચરણમાં થોડું મુકાય? મનને ગમે તેવું વિચારવાની છૂટ, લૂલી (જીભ) ને ફાવે તેમ લબલબ કરવાની છૂટ અને કર્મેન્દ્રિયોની ગમે તેવી અઘટિત માગણીઓને વશ થઇ ગમે તેવાં કામ કરવાની છૂટ! આવો સરસ માનવદેહ મળ્યો છે... ભોગવી લો, ભોગવાય તેટલું! આમેય એક દિવસ મરવાનું તો છે જ! તો પછી મૂલ્યો, આદર્શો અને ethics ની નાહકની વાતો શીદ કરવી?

આવી શિથિલતા અત્યારે જન્મી છે. આપણને સૌને એ દેખાતું અને અનુભવાતું હશે... અને આ શિથિલ અને સમાધાનકારી જીવનશૈલીમાં જ જન્મ્યા છે - વ્યસનો, ભોગવાદિતા અને ભ્રષ્ટાચાર! તળાવના ઊંડા પાણીમાં ઉદ્‌ભવતા તરંગોમાં ફસાયેલો માણસ બહાર નીકળી શકતો નથી, ડૂબી જાય છે. એવી જ રીતે જીવનના રંગ-રાગ-ભોગમાં વમણોમાં ફસાયેલો માણસ ઊંચું જોઇ શકતો નથી, ઊંચું વિચારી શકતો નથી. પરિણામે એની વિવેકબુદ્ધિનો હ્રાસ થાય છે અને એ અધઃપતનના માર્ગનો યાત્રી બને છે.

જેવું વ્યક્તિનું એવું જ વ્યક્તિ-વ્યક્તિના બનેલા સમાજનું. વિવેકબુદ્ધિ ક્ષીણ થઇ ગઇ હોય એવા ઘણા માણસોનો વિશાળ સમૂહ જે માર્ગે ચાલવા માંડે એ જ કદાચ સાચો માર્ગ છે એવું મહત્ સમાજ માનવા લાગે છે... અને કેટલીક વિકૃતિઓ આદર્શોનું રૂપ પ્રાપ્ત કરી લે છે.

આજે આપણા ભદ્ર કહેવાતા શિક્ષણજગતની આવી જ સ્થિતિ છે. આપણે કેટલાંક બંધનો હોંશેહોંશે સ્વીકાર્યા અને મુક્તિના માર્ગને અવગણ્યો. એટીકેટ અને સ્માર્ટનેશના નામે સ્વીકારી લીધેલી કેટલીક રીતભાત મુક્તિના માર્ગ પર છવાયેલા ધુમ્મસને વધુ ઘેરૂં બનાવે છે. આ બંધનો એવા છે કે જેમને અને શિક્ષણને નાહવા - નિચોવાનો સંબંધ નથી. આ બંધનો કેટલાં ઉપયોગી છે અને શિક્ષણપ્રક્રિયા સાથે એ સુસંગત છે કે નહીં એ બાબતનો પર્યાપ્ત અર્થસભર વિચાર શિક્ષણકર્મીઓને અને શિક્ષણ-આયોજનોએ કરવો જોઇએ.

એક બહુ વિચિત્ર બંધન છે ટાઇનું. નાના બાળકોને ચમકતા બૂટ અને ટાઇ પહેરાવીને સ્કૂલે મોકલતા વાલીઓ વિચિત્ર પ્રકારનો હરખ અનુભવે છે. આધુનિકતાનું વળગણ ભૂતની જેમ વળગ્યું છે. એને કયો ભૂવો કે જતિ ભગાડી શકશે એ સમજાતું નથી. જે મેકેલ્ અ ૧૮૩૫માં ભારતમાં અંગ્રેજી શિક્ષણપદ્ધતિ દાખલ કરી એનેય બિચારાને એ ખબર નહીં હોય કે આવા વિશાળ ભારત દેશમાં લાખો-કરોડો મેકોલેપુત્રના સ્વરૂપમાં એ અમર થઇ જશે! એ સમજાય એવી વાત જ નથી કે શિક્ષણની સાધનામાં ટાઇની શી ઉપયોગીતા છે? ભણવા માટે મન-મસ્તિકની જરૂર છે અને મસ્તિષ્કને લોહીની. ગળે ટાઇ નામનો ફાંસો દીધા પછી લોહીના પરિભ્રમણને એ રૂંધે છે. ટાઇને કારણે મગજમાં લોહી જરૂર કરતાં ઓછું પહોંચે છે. પરિણામે બાળકોની બુદ્ધિશક્તિ અને તેજસ્વિતા ઉપર એની માઠી અસર પડે છે. આમ ટાઇ એ તદ્દન અવૈજ્ઞાનિક બાબત છે એવી સાદીસીધી બાબત યુનિફોર્મ નક્કી કરનારને ન સમજાવી જોઇએ? બાળકો સ્માર્ટ દેખાવા જોઇએ, પોતાની સ્કૂલની આગાળી ઓળખ ઊભી થવી જોઇએ એવા મોહમાં શાળા-સંચાલકો ટાઇને યુનિફોર્મનો ભાગ બનાવે છે. અધુરૂં હોય તેમ ઘણા વાલીઓને પણ આ ગમતું હોય છે તેથી તેઓ આવી સ્કૂલો પસંદ કરે છે. આવા શાળા-સંચાલકો અને વાલીઓને એક વાક્ય સપ્રેમ ભેટ!

***"સમજણ વગરની સ્માર્ટનેસ રિફીલ વગરની બોલપેન જેવી અને કોમ્પ્રેશર વગરના એરકન્ડીશનર જેવી હોય છે!"***

ટાઇ માટે બીજી પણ એક - બે વાતો...

ભારતની આબોહવા અને પર્યાવરણીય સ્થિતિમાં ટાઇ જરાય બંધબેસતો પોષાક નથી. ઠંડી... અતિશય ઠંડી હોય એવા પ્રદેશોમાં ગળાનો ભોગ બરાબર બંધ કરવો પડે એ જરૂરી હોય છે એથી એવા ઠંડા પ્રદેશો ટાઇ ઠીક છે, પણ ભારત જેવા ઉષ્ણ પ્રદેશમાં તો એની જરા જેટલી પણ સુસંગતતા નથી.

કંઠલંગોટ બાંધ્યો હોય એમ ટાઇની નોટ બાંધવાની પણ જેને સમજણ નથી અને સુટેડ-બુટેડ થઇને મોટુંમસ દફ્તર ખભે વળગાડીને આપણું 'ભારતીય બાળક' ચાવી ભરેલા રમકડાની જેમ પોતાનાં બૂટ-ટાઇનો ભાર ઉપાડવાનો પ્રયત્ન કરતું લટક-મટક ચાલતું નીકળે ત્યારે માબાપના હરખનો પાર રહેતો નથી. પણ એ નથી જાણતાં કે તેઓ બાળકનું કેટલું અહિત કરી રહ્યાં છે! હે ભગવાન! આવાં માબાપોને અને શિક્ષણ-આયોજકોને સદ્‌બુદ્ધિ આપજો.

છેલ્લે સૌથી મહત્ત્વની વાત. ટાઇ જેવો નાનકડો કપડાનો ટુકડો માણસનું આખેઆખું માનસ પલટાવી નાખે છે, એને પ્રદૂષિત કરી નાખે છે. ટાઇને પરિણામે એ વિદેશી રહેણી-કરણી તરફ આકર્ષાય છે, જે છેવટે તો મનુષ્યને ભૌતિક્તા અને ભોગવાદિતાની ભેટ ધરે છે. એ ભારતીય અસ્મિતાથી જોજનો દૂર જાય છે. ભારત પ્રત્યે એની ભક્તિ જાગૃત થતી નથી. ભારતના ભવ્ય સાંસ્કૃતિક વારસાથી એ વિમુખ થાય છે. એને ભાતૃભાષા ત્યાગીને પરવશ થઇને અંગ્રજી ભાષામાં જ વાત કરવી પડે છે. ટાઇ (Tie) એને અંગ્રેજી ભાષામાં બાંધે છે અને ભારતના પુત્ર તરીકેનું ગૌરવ ભૂલવાડે છે. કેટલીક જબરદસ્ત તાકાત છે આ નાનકડી ટાઇમાં?! ભારત તો મહર્ષિપુત્રોનો દેશ, પણ સર્જી રહ્યો છે મેકોલેપુત્ર!

આવી તો બીજી ઘણી નાની નાની વાતો છે જે મોટી અને ખોટી અસરો ઉપજાવે છે. આવાં તો બીજા ઘણાં બંધનો આપણે સર્જયા છે જેમણે આપણને સાચા શિક્ષણ અને ભારતીયતાથી દૂર કર્યા છે.

શિક્ષણ માનવનું જીવન ઘડે છે. માનવને મુક્તિનો માર્ગ ચીંધવાના કામ શિક્ષણનું છે. લક્ષ્ય મુક્તિનું, પણ એને અનેક બંધનો નડે છે. અનેક બંધનોનાં જકડાયેલું શિક્ષણ મુક્તિપ્રદાતા શી રીતે બની શકે? આ ચિંતનનો વિષય છે.

જે અપાય છે તે શિક્ષણ નથી, માહિતી છે. કેવળ માહિતથી જીવન નથી જિવાતું, જીવન જિવાય છે સૂઝબૂઝથી, ડહાપણથી, સમજણથી, કોઠાસૂઝથી, સમયસૂચકતાથી, વિનય-વિવેકથી અને અંતઃસત્ત્વથી. બાહ્ય ઉપકરણો એ માત્ર વળગણ છે, ભાર વધારનારા છે, મોહ જન્માવનારાં છે... અને જીવન જીવવા માટે આવશ્યક હોવા છતાં પ્રમાણસર જ ઉપયોગમાં લેવા જેવા છે. સાચી શક્તિ તો આંતરિક ઉપકરણમાં છે... મન, અંતઃકરણ, બુદ્ધિ, ચિત્ત અને આત્મા જેવાં ન દેખાતા કારણોમાં છે. એમને શક્તિશાળી બનાવવાનો વિચાર આજના શિક્ષણમાં બહુ થોડો થાય છે.

સાચું શિક્ષણ એ છે -
જે દોષોમાંથી મુક્તિ અપાવે,
જે આસક્તિ દૂર કરે,
જે મોહ-માયા-લોભનાં બંધનોમાંથી મુક્તિ અપાવે,
જે વ્યક્તિગત સ્વાર્થને બદલે સમષ્ટિગત જીવન સાથે જોડે,
જે અહમ્‌ભાવમાંથી વયમ્‌ભાવ તરફ લઇ જાય,
જે અજ્ઞાનના તિમિરમાં જ્ઞાનના તેજપુંજ ભણી દોરી જાય...

...પણ, આવી વાત અત્યારે કોઇ કરે તો ગળે ન ઊતરે... આવું વિચારીએ તો ખાવા-પીવાનું શું થાય? રંગરાગનું શું થાય? પરિવાર જીવે શી રીતે?.. આવા પ્રશ્નો મનુષ્યને સાચા માર્ગ તરફ જવા જ નથી દેતા., એને નબળો પાડી દે છે. વાસ્તવમાં મનુષ્યે ઊભી કરેલી અમર્યાદ જરૂરિયાતો જ એને નિરંતર દોડાવ્યા કરે છે... અને, એમ જ જીવતર પૂરૂં થઇ જાય છે!

જરા, મૂળ વિષય પર આવીએ. શિક્ષણના એક બંધન 'ટાઇ' વિષે આપણે જોયું, હવે એવા બીજા એક બંધન વિષે વિચારીએ...

***(અનુસંધાન પાના નં. ૬ પર)***

# સ્વાર્થની કર્કશ ભૂમિકા પર સત્યની ધાર ઘસાઈને બુઠ્ઠી થતી ગઈ, મૂલ્યોનું ઝડપથી અવમૂલ્યન થતું રહ્યું ને નીતિમત્તાનો ગ્રાફ આજે શૂન્યથી પણ નીચે જઇ રહ્યો છે

## દેખ લો ઉસકા તમાશા ચંદરોઝ
## અક્ષયપાત્ર

બકુલ દવે

સત્તા કી અનિયંત્રિત ભૂખ, રક્તપિપાસા સે ભી ભૂરી હૈ,
પાંચ હજાર સાલ કી સંસ્કૃતિ, ગર્વ કરે યા રોએ ?
સ્વાર્થ કી દૌડ મેં, કહી આઝાદી ફિર સે ન ખોંએ ।
- અટલબિહારી વાજયેપી

આપણા ભૂતપૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજયેપી રાજકારણાં સક્રિય હતા ત્યાં સુધી દેશમાં આમ આદમીને આશ્વાસન હતું કે પોતાની વેદના અને સમસ્યાઓને સમજી શકે તેવી એક સહૃદય વ્યક્તિ સંસદમાં છે. અટલજી કવિ પણ ખરા. એમણે આમ આદમીની વ્યથાને પોતાની કવિતામાં વાચા આપી છે, જે તીર જેમ હૃદય સુધી સોંસરી ઊતરી જાય છે.

અટલજી ગાંધીયુગના. સત્યને સાથે રાખી દેશનું સ્વાતંત્ર્ય મેળવવા ગાંધીજીએ લડત ચલાવી એના એ સાથી છે. દેશને આઝાદી પ્રાપ્ત થઇ ત્યારે કેટકેટલી આંખોએ સ્વદેશને વિશ્વમાં એક નિર્મળ, શિષ્ટ અને નિરામય રાષ્ટ્ર તરીકે વિકસેલું જોવાનું સ્વપ્ન સેવ્યું હતું પણ દેશ આઝાદ થયા પછી સત્તાલોલુપતા અને ભ્રષ્ટાચારનો કીડો એને કોરવા લાગ્યો. સ્વાર્થની કર્કશ ભૂમિકા પર સત્યની ધાર ઘસાઇને બુઠ્ઠી થતી ગઇ. મૂલ્યોનું ઝડપથી અવમૂલ્યન થતું રહ્યું ને નીતિમત્તાનો ગ્રાફ આજે શૂન્યથી પણ નીચે જઇ રહ્યો છે.


શેરજંગ ગર્ગનો એક શેર છે :

હમ તિકડમોં કે બસ પર શાસન સંભાલતે હૈ ।
ટોપી બદલ બદલ કર પગડી ઉછાલતે હૈ ॥

આ ચિત્ર છે આજનું. આપણા રાષ્ટ્રપિતાએ જે સત્યને છાતીસરસું ચાંપી જીવનને મૂત્ર મંત્ર બનાવ્યું હતું. એનાં ચીથરાં ઊડતાં આપણે નિઃસહાય થઇ જોઇ રહ્યાં છીએ. નથી કહી શકતા નથી સહી શકતા. સત્ય શબ્દ આજે માત્ર શબ્દકોષમાં રહી ગયો છે. રાષ્ટ્રપિતાનું સ્મરણ પણ જરૂર હોય ત્યારે જ થાય છે. અસત્યમાં હિંસા અને ગાંધીના આદર્શોનું હનન પણ.

મહાત્મા ગાંધીએ જીવનની છેલ્લી સાંજ કોંગ્રેસના પક્ષના નવા બંધારણ અને કાયદાનો મુસદ્દો ઘડવામાં વિતાવી હતી. કામ પૂરૂં થયા પછી એ ગમગીન શાંતિમાં ગર્ત થઇ ગયા હતા. નવા બંધારણના સંદર્ભમાં એમને એક વખતના અનન્ય ગણાતા નેતાઓમાં ઊછરતા જતા ભ્રષ્ટાચારનાં ચિહ્નોનો વિચાર આવ્યો હતો.

"અહીં જે ચાલી રહ્યું છે તે જોતાં દુનિયા સમક્ષ આપણે માથું ઊંચું રાખી શી રીતે જોઇ શકીએ?" એમને પૂછ્યું, "સ્વાતંત્ર્ય-સંગ્રામમાં જે લોકોએ ભાગ લીધો હતો તેમનાં પર જ આ દેશનું ગૌરવ ટકી રહેવાનું છે. જો એ લોકો જ સત્તાનો દુરૂપયોગ કરવાના હોય તો આપણું અસ્તિત્વ કેવી રીતે બચાવીશું?'




પછી વિષાદયુક્ત શાંતિ છવાઇ ગઇ હતી. અચાનક ગાંધીજીના મુખમાંથી અલ્લાહાબાદના ઉર્દૂ શાયરની પંક્તિઓ સરી પડી હતી,

'એ બહારે બાગ દુનિયા ચંદરોઝ'
દેખ લો ઉસકા તમાશા ચંદરોઝ'

મૃત્યુની આગલી સાંજે ગાંધીજીને થયેલો વિષાદ સમયના પ્રલંબ પથ પર વહેતો રહી આજે આ ક્ષણે પર મોજૂદ રહ્યો છે, ઘટ્ટ બન્યો છે. જે લોકોએ ગાંધીજીના વિચારો જાણવાની, એમને સમજવાની કોશિશ કરી નથી એ બધા જયારે સત્તા માટે ગાંધીજીનું નામ અને ગાંધીજીની છાપવાળી ચલણી નોટો નિર્લજ્જ થઇ ઉછાળે છે ત્યારે ત્યારે ગાંધીજીના હૃદયમાં જાગેલો વિષાદ એકવીસમી સદીનો ઉંબર ઓળંગી આગળ વધે છે. દેશદાઝ ધરાવતી વ્યક્તિને પ્રશ્ન થાય છે, "આ દેશનું શું થશે?"

# જુઓ રાજન, હજુ તો તમે આ વિચાર મનમાં લાવ્યા છો ત્યાં જ તમે રાજામાં ભિખારી બન્યા તો વિચાર કરો આ વિચાર અમલમાં મૂકશો ત્યારે તમારી શું દશા થશે?

## નારી તારા ઝૂઝવા રૂપ

- લક્ષ્મી એમ. વાધવાણી

નારીના કેટલાય સ્વરૂપો છે. નારી પુત્રી છે, નારી ભગીની છે, પત્ની છે, માતા છે. દરેક સ્વરૂપે નારી પૂજનીય છે. પણ આજે સમાજમાં નારીનું સ્થાન અમુક ગ્રામ્ય વિસ્તારોમાં કે ફિલ્મોમાં આપણે જોઇએ છીએ તો નારીનેએ ક સામાન તરીકે, મોજશોખના સાધન તરીકે આજે પણ ગણવામાં આવે છે અને અને રીતે એનો ઉપયોગ કરવામાં આવે છે.

નારીએ તો યુગો પહેલાં પણ પુરૂષોને ચેતવવાનું કાર્ય કર્યું છે. એનો પુરાવો આજે પણ આપણે સૌ જાણીએ છીએ, જયારે રાવણ કે જે લંકાપતિ કહેવાતો, જે મોટો બ્રાહ્મણ અને રાજા કહેવાતો તે જયારે એક વેશ બદલતો હતો ને ભિખારીનો વેશ ધારણ કરતો હતો ત્યારે મંદોદરીએ તેને પૂછ્યું, આ શું છે? આપ રાજા થઇને આ ભેખ ધારણ કરશો? લોકો શું કહેશે? મહારાજાધિરાજ આ વેશમાં? પણ એ તો કહો આ વેશ ધારણ કરવાનું કારણ શું છે? બહુ આગ્રહ બાદ રાવણે મંદોદરીને કહ્યું, "હું સીતાનું હરણ કરવા જાઉં છું." મંદોદરી હતાશ થઇ ગઇ પણ એણે હિંમત રાખીને રાજા રાવણનો કહ્યું, "જુઓ રાજન, હજુ તો તમે આ વિચાર મનમાં લાવ્યા છો ત્યાં જ તમે રાજામાં ભિખારી બન્યા તો વિચાર કરો આ વિચાર અમલમાં મૂકશો ત્યારે તમારી શું દશા થશે?"

આમ મહારાણી હોવા છતાં એક પત્નીધર્મ બજાવીને મંદોદરીએ ચેતવ્યા છતા રાજા રાવણ ના માન્યા તો શું હાલ થયા તે આપણે સૌ જાણીએ છીએ.

ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ, મધર ટેરેસા, ઇંદીરા ગાંધી જેવા કંઇ કેટલાય ઉદાહરણો આપણી સમક્ષ છે. બ્રહ્માકુમારીઝની આખી સંસ્થા દીદી વહન કરી રહ્યા છે. કોઇ એવું ફીલ્ડ નથી જયાં સ્ત્રીઓ ના હોય, પછી તે ફિલ્મ લાઇન હોય કે ઉડ્ડયન લાઇન હોય, કલ્પના ચાવલા કે સુનિયા વિલિયમ્સ જેવી નારીઓ અવકાશ યાત્રા કરી આવી. એમણે આમ જુઓ તો સ્ત્રીઓ પુરૂષ સમોવડી જ નહિ પુરૂષોથી પણ ચડિયાતી ગણાય. એક બાજુ જુઓ તો માતાજીઓની સૌથી વધુ પૂજા પુરૂષો જ કરતા હોય છે પછી તે અંબે મા હોય, મા દુર્ગા હોય, મેલડી માતા હોય, વિહત માતા હોય કે મા સરસ્વતી હોય યા તો માતા વૈશ્નોદેવી હોય. ટૂંકમા, માતા સ્વરૂપે નારીની પૂજા મંદિરોમાં કે મૂર્તિ સ્વરૂપમાં થાય છે. પણ જીવતી જાગતી માતાને વૃદ્ધાશ્રમમાં મૂકવાના કે મિલકત ખાતર મારી નાખવા સુદ્ધાના બનાવો અવારનવાર વાંચવા-સાંભળવા મળે છે.

આજે પણ અમુક વિસ્તારોમાં દીકરીઓને દૂધપીથી કરવામાં આવે છે એટલે કે જન્મતા જ મારી નાખવામાં આવે છે, કયાંક તો જન્મ પહેલાં જ ગર્ભમાં જ મારી નાખવામાં આવે છે તો કયાંક સતીપ્રથાના ઓથા હેઠળ પતિ સાથે સળગાવી દેવામાં આવે છે માટે જ તો ઘણા રાજયોની સરકારોએ આ પ્રથાઓ, આ કુરિવાજો અને આ પાપ બંધ કરવા માટે આજે પણ કડક કાયદાઓ ઘડવાની જરૂરિયાતો ઉપસ્થિત થાય છે.

જો કે દરેક સિક્કાની બે બાજુ હોય છે તેમ આ બાબતની પણ બે બાજુ છે. આપણે જોઇએ છીએ કે યુવતીઓ પોતે એવો પહેરવેશ પહેરે છે, એવું વર્તન પોતાનું રાખે છે જેથી યુવતો તો શું મોટી ઉંમરના પુરૂષો પણ ખરાબ નજર નાખતા ખચકાય નહિ, પોતાના વધુ પડતાં શોખ અને મહત્વાકાંક્ષાઓનો પોષવા ગમે તે હદે જવા તૈયાર થઇ જાય છે કયાંક તો વૈશ્યાવૃત્તિની હદ સુધી પહોંચી જાય છે. તેવા સંજોગોમાં પુરૂષ સમાજને દોષ દેવાય એમ નથી. ફિલ્મોમાં ગમે તેવા સીન કરવા કે ડાન્સ કરવા પણ ખચકાતી નથી. શોખ અને મહત્ત્વાકાંક્ષા હોય એ સારી વાત છે પણ ચારિત્ર્યના ભોગે કદાપિ નહિ.

આમ, મર્યાદામાં રહીને સ્ત્રીએ જીવન જીવવું અનિવાર્ય છે, નહિતર સીતા માતાનો કિસ્સો ઉદાહરણરૂપ છે જ ને? ભગવાન રામના પત્ની સીતા માતાએ તેમના દિયર લક્ષ્મણે દોરેલી લક્ષ્મણ રેખા પાર કરવાની ભૂલ કરી ને એનું પરિણામ શું આવ્યું? દ્રૌપદીએ મર્યાદા બહાર જઇને માત્ર એક વાક્ય ઉચ્ચાર્યું એમાં આખું મહાભારત સર્જાયું. આમ, મર્યાદા સ્ત્રીનું પ્રથમ આભૂષણ છે. એના વિના સ્ત્રી શોભે જ નહિ...!

એના માટે સૌથી પ્રથમ પ્રયાસ માતાએ કરવાની જરૂર છે, પ્રથમ તો પોતે મક્કમ હોય તો દીકરીને જન્મ આપવાથી કોઇ એને રોકી ના શકે, બીજું જન્મ પછી એને સારા સંસ્કારની સાથે સાથે સમાજમાં હિંમતભેર જીવવાની તાલીમ આપે જેથી ભૂતકાળ બની ગયેલી ઝાંસીની રાણી કે મધર ટેરેસા આજે પણ જોવા મળે.